

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
## કૃષિ ઉદય...

ખંડ-૩
અંક-૧૦
ઓક્ટોબર ૨૦૧૭

### ભાવિ ખેડૂતો માટે કૃષિવિજ્ઞાન સંબંધી માહિતી.




તાજેતરમાં ભારતીય કૃષિ સંશોધન સમિતિ (આઈસીએઆર) હેઠળ કૃષિ માહિતી નિયામકની કચેરીએ (ડીએમએમ) તકનીકી, નીતિઓ અને અન્ય પ્રવૃતિઓને અલગ અલગ હિસ્સેદારો સુધી ફેલાવો કરવા બાબતે આદેશ આપ્યો છે. મોબાઇલ ફોન અને ઈન્ટરનેટ ઉપયોગના વધારાની સાથે સાથે કૃષિ-નવીનીકરણ, નવી ટેક્નોલોજી અને નીતિઓને લગતી માહિતી એવી રીતે સંકલિત કરવાની જરૂર છે કે જે સરળતાથી ઉપલબ્ધ થઈ શકે અને ઉપયોગમાં લઈ શકાય. કૃષિ જ્ઞાનને એવી જગ્યાએ મૂકવું આવશ્યક છે કે જે આગામી પેઢીના ખેડૂતો માટે સરળતાથી ઉપલબ્ધ થઈ શકે. ભાવિ ખેડૂતોને સંલગ્ન કરવાની જરૂર છે જેથી તેઓ ખેતીમાંથી દૂર ન થાય. કૃષિ જ્ઞાન એ એક સઘન પ્રવૃત્તિ છે અને ખેડૂતોને દરેક તબક્કે સહાયની જરૂર છે, કૃષિ ક્ષેત્રના વિકાસ અને પ્રસારથી કૃષિ ક્ષેત્રમાં વધારો થશે અને ખેડૂતોની આજીવિકામાં પણ સુધારો થશે. તેનાથી ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવકને બમણી કરવાના લક્ષ્યાંક હાંસલ કરવામાં પણ મદદ મળશે.

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## સરકારે કઠોળના બફર સ્ટોકમાંથી ૧૮ લાખ ટન વેચાણ કરવા અંગે વિચાર



સરકારે કઠોળના બફર સ્ટોકમાંથી ૧૮ લાખ ટન કઠોળની નિકાલ કરવાનો અને સહકારી એનસીસીએફ સહિતને, જરૂરી પગલાં લેવા માટે આદેશ કર્યો છે. સરકાર ચાલુ વર્ષે જો કઠોળના ભાવ લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) સ્તરથી નીચે આવે તો કઠોળની ખરીદી કરશે. ગયા વર્ષે સરકારે પ્રથમ વખત, કઠોળનો બફર સ્ટોક બનાવવાનો નિર્ણય કર્યો હતો જેથી ખેડૂતોને સારી કિંમત મળે અને ભાવવધારાના સમયમાં સ્થાનિક પુરવઠા ઉપલબ્ધિમાં વધારો થઈ શકે જેથી ભાવ નિયંત્રણમાં આવે. લગભગ ૨૦ લાખ ટન કઠોળ આયાત કરીને તેનો બફર સ્ટોક બનાવવામાં આવ્યો છે.

જોકે હરાજી દ્વારા વેપારીઓને અમુક પુરવઠો વેચી દીધો હોવા છતાં, વેચાણમાં વધારો થયો નથી. ખાદ્ય મંત્રાલય પુરવઠો વેચવા અન્ય પગલાંઓ લઈ રહેલ છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર પુરવઠો વેચવા માટે કલ્યાણ સંસ્થાઓ અને સહકારી મંડળીઓ સાથે વાટાઘાટ ચાલી રહી છે.

કઠોળનો બફર પુરવઠો અને ટેકાના ભાવમાં થયેલ ઘટાડાએ ખેડૂતોને નિરાશ કર્યા છે. જેથી તેમણે ૨૦૧૭-૧૮ના પાક વર્ષના ચાલુ ખરીફ ઋતુમાં કઠોળનું ઓછું વાવેતર કરેલ છે. જો કે, ખેડૂતો માટે વધુ સારા ભાવની ખાતરી કરવા માટે, સરકારે તાજેતરમાં તુવેર, અડદ અને મગ દાળની નિકાસ પર પ્રતિબંધ લાધો છે. દેશમાં ૨૦૧૬-૧૭ના પાક વર્ષમાં સારા વરસાદને લીધે ૨૨.૯૫ મિલિયન ટન ઘઉંનું ઉત્પાદન થયુ છે.

## સરકારના મહત્વાકાંક્ષી અનાજ ઉત્પાદનના લક્ષ્યને વરસાદનો ભય.

ઘણા બધા જિલ્લાઓમાં પૂર અને અતિ વરસાદના કારણે ખરીફ વાવેતરમાં ઘટાડો જોવા મળેલ છે. કેન્દ્રએ વર્ષ ૨૦૧૭-૧૮ના પાક વર્ષ (જુલાઈ-જૂન) માટે તેના આકસ્મિક પગલાંના આધારે એકંદરે અનાજના ઉત્પાદનનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક મૂક્યો છે. જેમાં રવિ (શિયાળુ વાવેતર) પાક માટે ગુણવત્તાવાળા બીજ અને યોગ્ય કૃષિ નિક્ષેપોનો સમાવેશ થાય છે. કૃષિ મંત્રાલય દ્વારા જે અન્ન ઉત્પાદનનો લક્ષ્યાંક નક્કી



કરવામાં આવ્યો હતો, જે વર્ષ ૨૦૧૭-૧૮ માટે ૨૭૪.૫૫ મિલિયન ટન (મે.ટન) હતો તે અન્ન ઉત્પાદનનો આંકડો ૨૦૧૬-૧૭ માં અંદાજિત રેકોર્ડ ઉત્પાદન (૨૭૫.૬૮ મેટ્રિક ટન) કરતા થોડો ઓછો છે.

આંકડા દર્શાવે છે કે મધ્ય પ્રદેશ, ઉત્તરપ્રદેશ અને હરિયાણામાં અપૂરતા વરસાદને કારણે અને બિહાર, આસામ અને ઓરિસ્સામાં પૂર અને ભારે વરસાદને કારણે બે થી ત્રણ સપ્તાહ અગાઉ અપેક્ષા પ્રમાણે ચાલુ વર્ષમાં ખરીફ ઉત્પાદન રહેશે નહીં. કેન્દ્રીય કૃષિ પ્રધાન રાધા મોહન સિંઘે જણાવ્યું હતું કે, આગામી ઋતુ માટે અમારી વ્યૂહરચના મુજબ અમે આકસ્મિક પગલાંને કારણે વધુ સારૂં રવિ ઉત્પાદનની અપેક્ષા રાખી રહ્યા છીએ.

તેમણે જણાવ્યું હતું કે ગુણવત્તાવાળા બીજની ઉપલબ્ધતા અને જમીન આરોગ્ય પત્રકના આધારે યોગ્ય નિક્ષેપોનો ઉપયોગ ઉત્પાદકતા અને એકંદર અનાજના ઉત્પાદનમાં વધારો કરવા માટે મદદ કરશે. જૂનથી સપ્ટેમ્બરના સમયગાળા દરમિયાન વરસાદની અનિયમિતતાને ધ્યાનમાં રાખીને, મંત્રાલયે રવિ ઋતુ માટે સંખ્યાબંધ આકસ્મિક પગલાંની યોજના ઘડી કાઢી છે. તેમાં પાણીની ઉપલબ્ધિ, બીજ, ખાતરો અને સૂક્ષ્મ-પોષક તત્વો, ભેજ સંવર્ધન પ્રણાલીઓ, સિંચાઈના પાણીનો ઉચિત ઉપયોગ અને કઠોળ અને તેલીબિયાંની વાવણી માટે પાણીના ઉપલબ્ધિના આધારે ડાંગરના પડતર વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરવાના, ચોક્કસ પાકની યોજનાનો સમાવેશ થાય છે. ચોમાસામાં ઓછા વરસાદથી જમીનમાં ભેજ અને જળાશયોમાં પાણીની તંગી સર્જાય છે આ બે મુખ્ય પરિબળો જે રવી ઋતુમાં વાવેતરને અસર કરે છે. જો કે પાકની પસંદગી અને અન્ય પગલાંની વધુ સારી વ્યૂહરચના પાકમાં વરસાદની અનિયમિતતાની અસરને ઘટાડી શકાય છે.

## ભારતમાં માટે અનાજનો બગાડ અટકાવવાની બાબતે ઉચ્ચ અગ્રતા.





ભારત વિશ્વના સૌથી મોટા અનાજ ઉત્પાદક દેશોમાં એક છે, તે દૂધનું પ્રથમ સૌથી મોટું ઉત્પાદક અને ફળો અને શાકભાજીમાં બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. જો કે, હાલમાં ભારત તેના કુલ ખાદ્યમાંથી માત્ર ૧૦ ટકા પ્રોસેસિંગ કરે છે, પરિણામે વિશાળ ખાદ્ય ઉત્પન્ન થાય છે. આ વિશાળ કાચો માલનો આધાર, વધતી જતી ૧.૩ અબજની વસ્તી સાથે, યુ.એસ. માટે વિશાળ રોકાણ અને ભાગીદારીની તકો રજૂ કરે છે. ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ કેન્દ્રીય પ્રધાન હરસિમૃત કૌર બાદલ, યુ.એસ. ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમ (યુએસઆઈએસપીએફ) દ્વારા આયોજીત એક રાઉન્ડ ટેબલ પર જણાવ્યું હતું.

વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્ર તરીકે, ભારત પાસે ૬ અબજ ડોલરનું ફૂડ સેક્ટર છે જે ૭૦ ટકા જેટલું છે. વધુમાં આ બજાર ૨૦૨૦ સુધીમાં ત્રણ ગણું થવાની શક્યતા છે. સરેરાશ ભારતીય ખાદ્ય પર આશરે ૪૦ ટકા આવકનો ખર્ચ કરે છે.

આગામી છ વર્ષમાં, આ ખર્ચને બમણો કરવા માટેનું આયોજન છે. આનાથી ભારત વિદેશી રોકાણ માટે આકર્ષક સ્થળ બની શકે છે. મંત્રીશ્રીની મુલાકાત નવી દિલ્હીમાં ૩-૫ નવેમ્બરે મેગા વર્લ્ડ ફૂડ ઈન્ડિયા શો પહેલાં થઈ હતી. આ ગ્લોબલ ઇવેન્ટનો હેતુ ભારતીય અને આંતરરાષ્ટ્રીય વેપારીઓ અને રોકાણકારો વચ્ચેની ભાગીદારીને સરળ બનાવવાનો છે. આ ગ્લોબલ ઇવેન્ટ પ્રસંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉદઘાટન કરવામાં આવશે.

સમગ્ર અનાજ સ્પેક્ટ્રમને ઉત્પાદનમાંથી વપરાશમાં લઈને, વર્લ્ડ ફૂડ ઈન્ડિયાનો હેતુ વધુ સારા વાતાવરણનું નિર્માણ કરવાનું છે, જે ખેડૂતો માટે વધુ વળતર, રોજગારી અને આનુશાંગિક ઉદ્યોગ સાહસિકતાને સક્રિય કરશે.

## સરકાર ઘઉં પર આયાત જકાત વધારીને ૨૦-૨૫ ટકા કરી



સરકારની ઘઉંની સસ્તી આયાતને ઘટાડવા માટે જકાત ૧૦ ટકાથી ૨૦-૨૫ ટકા વધારવાની સંભાવના છે અને દિવાળી તહેવાર બાદ ખેડૂતોને તેના હકારાત્મક ભાવના સંકેત આપશે.

માર્ચ, ૨૦૧૬-૧૭માં સરકારે પાક વર્ષ (જુલાઈ-જૂન) માં ૯૮.૩૮ મિલિયન ટનની બમ્પર પાક ઉત્પાદનને ધ્યાનમાં રાખીને સ્થાનિક ભાવમાં તીવ્ર ઘટાડા માટે ઘઉં પર ૧૦ ટકા આયાત જકાત લાગુ કરી હતી.

ખેડૂતો આ મહિનાના અંત સુધીમાં ઘઉંના વાવેતરનું વાવેતર કરતા હોવાથી, સરકાર હકારાત્મક ભાવ સંકેત આપવા માંગે છે અને વધુ વિસ્તારમાં ઘઉં વાવેતર કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરે છે.

સરકાર ખેડૂતોને ઘઉંમાંથી કઠોળ તરફ વાવેતર કરવા માટે પ્રોત્સાહન આપવા ઇચ્છતી નથી, જે ગયા વર્ષે બમ્પર પાકને કારણે આ સમયગાળાની સરખામણીએ ખરીફ ઋતુમાં અન્ય પાકોમાં ગયા હતા.

વેપારના આંકડા દર્શાવે છે કે ખાનગી વેપારીઓએ એપ્રિલથી ૮.૫ લાખ ટન ઘઉંની આયાત ૧૦ ટકા જકાતથી કરી હતી. અન્ય ૧.૫ લાખ ટન ઘઉંની આયાત થવાની ધારણા છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી વૈશ્વિક ભાવમાં ઘટાડો થયો હતો, પરંતુ ઑસ્ટ્રેલિયામાં નીચા પાક ઉત્પાદનની ધારણાએ દરોમાં વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે ઘરેલુ દરોમાં પણ વધારો શરૂ થયો છે.

## ખરીફ અનાજના ઉત્પાદનમાં ૨.૭૭% ઘટાડો

દેશના કેટલાક ભાગોમાં નબળા વરસાદ અને પૂરને કારણે ખરીફ ઋતુમાં અનાજ ઉત્પાદન ૩.૮૬ મિલિયન ટનના ઘટાડા સાથે ૧૩૪.૬૭ મિલિયન ટન થવાનો અંદાજ છે.

કૃષિ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા પ્રથમ અંદાજ મુજબ, ખરીફ અનાજ ચોખા, કઠોળ અને બરછટ અનાજના ઉત્પાદનનો અંદાજ ૧૩૮.૫૨ મિલિયન ટનથી ઘટી જવાનો અંદાજ છે.

રોકડીયા પાકમાં કપાસ, તેલીબિંયા અને શણના ઉત્પાદનમાં ઘટાડો થવાનો અંદાજ છે અને શેરડીના ઉત્પાદનમાં વધારો થવાનો અંદાજ છે.

## Lagging behind

*in million tonnes*

| Crop | Kharif 2016-17 (4th Advance estimate) | Kharif 2017-18 (1st advance estimate) |
|---|---|---|
| Rice | 96.39 | 94.48 |
| Coarse cereals | 32.71 | 31.49 |
| Pulses | 9.42 | 8.71 |
| Oilsees | 22.40 | 20.68 |
| Sugarcane | 306.72 | 337.70 |
| Cotton* | 33.09 | 32.27 |

*million bales of 170 kg each   Source: Ministry of Agriculture



તાજેતરના આંકડા અનુસાર ચોખાના ઉત્પાદનમાં આ વર્ષે ખરીફ ઋતુમાં ૧.૯ મિલિયન ટનથી ઘટીને ૯૪.૪૮ મિલિયન ટન થવાની સંભાવના છે, જે અગાઉની ખરીફ ઋતુમાં ૯૬.૩૯ મિલિયન ટન હતી.

ઘટતા જતા ભાવ અને નબળા વરસાદને લીધે કઠોળનું ઉત્પાદન રેકોર્ડ ૯.૪૨ મિલિયન ટનથી ઘટીને ૮.૭૧ મિલિયન ટન થઈ શકે છે.

તુવેરનું ઉત્પાદન ૪.૭૮ મિલિયન ટનથી ઘટીને ૩.૯૯ મિલિયન ટન થવાનો અંદાજ છે, જ્યારે અડદનું ઉત્પાદન છેલ્લા ખરીફ ઋતુમાં ૨.૧૭ મિલિયન ટનથી વધીને ૨.૫૩ મિલિયન ટન થઈ શકે છે.

હલકા ધાન્યનું ઉત્પાદન ચાલુ ખરીફ ઋતુમાં ૩૨.૭૧ મિલિયન ટનની સામે ઘટીને ૩૧.૪૯ મિલિયન ટન રહ્યું છે. મકાઈના ઉત્પાદનનો અંદાજ ૧૮.૭૩ મિલિયન ટન છે, જે એક વર્ષ અગાઉ ૧૯.૨૪ મિલિયન ટન હતું.

ગયા વર્ષે ૨૨.૪૦ મિલિયન ટનની સરખામણીમાં આ વર્ષે ખરીફ સિઝનમાં તેલિબીયાંનુ ઉત્પાદન ૨૦.૬૮ મિલિયન ટન થવાનો અંદાજ છે. સોયાબીનનું ઉત્પાદન ૧૨.૨૨ મિલિયન ટન થવાનો અંદાજ છે, જે છેલ્લી ખરીફ ઋતુમાં ૧૩.૭૯ મિલિયન ટન હતુ.

રોકડિયા પાકો પૈકી, કપાસનું ઉત્પાદન ૨૦૧૭-૧૮ના પાક વર્ષ (જુલાઈ-જૂન) માં ૩૨.૦૭ મિલિયન ગાંસડી (પ્રત્યેક ૧૭૦ કિલોગ્રામ) સાથે સહેજ ઓછું હોવાનું અનુમાન છે.

જોકે, શેરડીનું ઉત્પાદન ૩૦૬.૭૨ મિલિયન ટનથી વધીને ૩૩૭.૬૯ મિલિયન ટન થઈ શકે છે.

ગયા વર્ષે શણ અને મેસ્તાનું ઉત્પાદન ૧૦.૬૦ મિલિયન ગાંસડીમાંથી ૧૦.૩૩ મિલિયન ગાંસડી (દરેક ૧૮૦ કિલો) સાથે ઘટી જવાનો અંદાજ છે.

દેશના કેટલાક ભાગોમાં દુષ્કાળ અને પૂરને કારણે ખરીફ ઋતુમાં ઉત્પાદનમાં ઘટાડો થવાની શક્યતા છે.

દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી આવતું ચોમાસુ ખરીફ પાક માટે સામાન્ય રીતે નિર્ણાયક માનવામાં આવે છે, પરંતુ આ મહિનાના પ્રથમ સપ્તાહ સુધી તે ૫ ટકા ઓછું હતું.

આસામ, બિહાર, ગુજરાત અને રાજસ્થાનમાં પૂરનું પ્રમાણ જોવા મળ્યું હતું જ્યારે કર્ણાટક, છત્તીસગઢ અને તમિલનાડુના ભાગોમાં દુષ્કાળનો સામનો કરવો પડ્યો હતો.

રાજ્યોમાંથી પાછળથી સુધારો આવવાથી ખરીફ ઉત્પાદનના અંદાજને સુધારી શકાય છે. મંત્રાલય લણણીના જુદા જુદા તબક્કામાં ચાર અંદાજો પ્રકાશિત કરે છે.

Book Post

To,

DOI : November 10, 2017

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

Lajja : 02692-233864

Acknowledged the information used/taken from the public domain